દાખલ તારીખ :– ૨૯–૧૦–૨૦૨૫
નોંધ્યા તારીખ :– ૨૯–૧૦–૨૦૨૫
ફેંસલ તારીખ :– ૧૩–૦૩–૨૦૨૬
સમયગાળો :– વર્ષ –માસ –દિવસ

**અમદાવાદ(ગ્રામ્ય)ના મહે. પ્રીન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.નવરંગપુરા, અમદાવાદ**

**દીવાની પરચૂરણ અરજી નં.૪૧૯–૨૦૨૫**

અરજદાર : ૧. માવજીભાઇ રણછોડભાઇ પ્રજાપતિ
૨. બાબુભાઇ મણીલાલ પટેલ

વિરુધ્ધ

સામાવાળા : સ્વ. સુભાષસીંહ હરીસીંહ ઝાલાના વારસો તથા અન્ય ૧૩

બાબત : ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪ મુજબ
સ્પે.દી.મુ.નં.૨૬–૨૦૨૦ અને સ્પે.દી.મુ.નં.૨૬૦–૨૦૨૦
બંને દાવા એક જ કોર્ટમાં ટ્રાન્સફર કરવા બાબતની અરજી

..........................................................................

અરજદાર તરફે વિધ્વાન વકીલ શ્રી એલ.પી.રાવલ
સામાવાળા તરફે વિધ્વાન વકીલ શ્રી –

..........................................................................

**: <u>આંક–૧ નીચે હુકમ</u> :**

૧. અરજદાર તરફે હાલની અરજી સી.પી.સી. કલમ–૨૪ હેઠળ સ્પે.દીવાની મુકદૃમા નં.૨૬૦/૨૦૨૦ જે હાલમાં મુખ્ય સીનીયર સીવીલ કોર્ટ, અમદાવાદ(ગ્રામ્ય)માં પેન્ડીંગ છે અને સ્પે.દીવાની મુકદૃમા નં.૨૬/૨૦૨૦ જે હાલમાં પાંચમા એડી.સીનીયર સીવીલ કોર્ટ, અમદાવાદ(ગ્રામ્ય)માં પેન્ડીંગ

છે, આ બંને દાવાઓ કોઇ એક જ કોર્ટમાં ટ્રાન્સફર કરવાનો હુકમ કરવા માટેની દાદ માંગેલ છે અને અરજદારે આ અરજી સાથે આંક – ૩ ના લીસ્ટથી દસ્તાવેજી પુરાવાઓ રજૂ રાખેલા છે.

૨. અરજદાર તરફે અરજી દાખલ થયા બાદ સામાવાળાઓને નોટીસ કાઢવામાં આવેલી છે જે તેઓને બજી ગયેલ છે પરંતુ સામાવાળાઓ જાતે કે તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલા નથી.

૩. અરજદાર તરફે વિ.વ.શ્રીએ પોતાની રજૂઆતમાં જણાવેલ છે કે, તેઓએ સામાવાળાઓ એટલે કે મૂળ પ્રતિવાદી નં.૧ થી ૧૪ સામે તકરારી જમીન બાબતે પ્રીન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ,અમદાવાદ(ગ્રામ્ય)માં સ્પે.દી.મુ.નં.૨૬૦–૨૦૨૦ થી દાવો કરેલ છે જે ફાઇનલ હીયરીંગ માટે પેન્ડીંગ છે જયારે આ કામના સામાવાળા નં.૧ થી ૧૩ નાઓએ આ કામના અરજદારો તથા સામાવાળા નં.૧૪ કરશનભાઇ લૂણી વિરુધ્ધ પાંચમા એડી.સીનીયર સીવીલ કોર્ટ,અમદાવાદ(ગ્રામ્ય)માં સ્પે.દી.મુ.નં.૨૬–૨૦૨૦ થી દાવો કરેલ છે. જેમાં અરજદારે સી.પી.સી. ઓર્ડર – ૭ રુલ – ૧૧ મુજબની અરજી આપેલી છે જે હાલ પેન્ડીંગ છે. સદર બંને દાવાઓ એક જ જમીન બાબતે છે અને બંને દાવાના પક્ષકારો એક જ છે. બંને દાવાની તકરારો એકબીજા દાવા સાથે સંલગ્ન છે. આથી બંને દાવા કોઇ એક જ કોર્ટમાં એક સાથે ચાલે તો પક્ષકારોની તકરારનો ન્યાયિક અને ઝડપી નિકાલ થઇ શકે તેમ હોય બંને દાવા ગમે તે એક કોર્ટમાં ટ્રાન્સફર કરવા રજૂઆત કરેલ છે.

૪. અરજદારની અરજી તથા સાથે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવા તેમજ અરજદાર તરફેની રજૂઆતને ધ્યાનમાં લેતાં મુખ્ય સીનીયર સીવીલ કોર્ટ, અમદાવાદ(ગ્રામ્ય)ની કોર્ટમાં પેન્ડીંગ સ્પે. દીવાની મુકદ્દમા નં.૨૬૦/૨૦૨૦ અને પાંચમા એડીશનલ સીનીયર સીવીલ કોર્ટ, અમદાવાદ(ગ્રામ્ય)ની કોર્ટમાં પેન્ડીંગ સ્પે. દીવાની મુકદ્દમા નં.૨૬/૨૦૨૦ આ બંને દાવાઓ કોઇ એક જ કોર્ટમાં ટ્રાન્સફર કરવાની હાલની અરજીની વિગતો જોતાં આ અરજી સીવીલ પ્રોસીજર કોડની કલમ–૨૪ હેઠળ કરવામાં

આવી છે. અરજદારની અરજી દાખલ થતા આ કામના સામાવાળાઓને નોટીસ કરવામાં આવેલી છે જે નોટીસની તેઓને બજવણી થઇ ગયેલ છે અને તેઓને પૂરતી અને વ્યાજબી તક આપવા છતાં તેઓ જાતે કે તેમના વકીલશ્રી મારફતે હાજર રહેલા નથી. વધુમાં સ્પે.દી.મુ.નં.૨૬૦–૨૦૨૦ જે મુખ્ય સીનીયર સીવીલ કોર્ટ,અમદાવાદ(ગ્રામ્ય)માં પેન્ડીંગ છે તે દાવામાં પુરાવો પૂર્ણ થઇ ગયેલ છે જયારે સ્પે.દી.મુ.નં.૨૬–૨૦૨૦ જે પાંચમા એડી.સીનીયર સીવીલ કોર્ટ, અમદાવાદ(ગ્રામ્ય)માં છે તે સી.પી.સી. ઓર્ડર–૭ રુલ–૧૧ ની સુનાવણી માટે પેન્ડીંગ છે. વધુમાં સદર બંને દાવાઓની હકીકત વંચાણે લેતાં બંને દાવાઓની વિષય વસ્તુ એક સમાન છે તેમજ મહદઅંશે પક્ષકારો પણ સમાન છે અને બંને દાવામાં દર્શાવેલી તકરારી જમીન પણ એકસરખી જ છે. વધુમાં સદર બંને દાવાઓ વર્ષ–૨૦૨૦ ના છે એટલે કે ખૂબ જૂના છે. તેથી જો બંને દાવાઓ કોઇ એક કોર્ટમાં ટ્રાન્સફર કરી તેની ન્યાયિક પ્રક્રિયા કોઇ એક જ કોર્ટમાં ચલાવવામાં આવે તો બંને દાવાઓની એકસરખી વિષય વસ્તુ માટે મલ્ટીપ્લીસીટી ઓફ પ્રોસીડીંગ્સ નિવારી શકાય તેમજ દાવાનો શકય તેટલો ઝડપી ન્યાયિક નિર્ણય કરવામાં પણ સરળતા રહે તેમ છે, તેથી બંને દાવાઓ એક જ કોર્ટમાં એકત્રિત કરી ટ્રાયલ ચલાવવામાં આવે અને ટ્રાયલ કોર્ટને આ દાવાઓ શકય તેટલી ઝડપથી પૂર્ણ કરવા માટેનું જરુરી ડાયરેકશન આપવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાશે. આ તમામ હકીકતો ધ્યાનમાં લઇ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

## હુ ક મ

અરજદારની અરજી મંજૂર કરવામાં આવે છે.

મુખ્ય સીનીયર સીવીલ કોર્ટ,અમદાવાદ(ગ્રામ્ય) ની કોર્ટમાં પેન્ડીંગ સ્પે.દીવાની મુકદ્દમા નં.૨૬૦–૨૦૨૦ તથા પાંચમા એડી.સીનીયર સીવીલ કોર્ટ,અમદાવાદ(ગ્રામ્ય) ની કોર્ટમાં પેન્ડીંગ સ્પે.દીવાની મુકદ્દમા નં.૨૬–૨૦૨૦, આ બંને દાવાઓ ન્યાયિક નિર્ણય માટે ત્રીજા એડી. સીનીયર સીવીલ કોર્ટ,અમદાવાદ(ગ્રામ્ય) ની કોર્ટમાં ટ્રાન્સફર કરવાનો હુકમ કરવામાં આવે છે.

આથી ટ્રાયલ કોર્ટને સૂચના આપવામાં આવે છે કે, સદર બંને દાવાઓની ટ્રાયલ શકય તેટલી ઝડપથી પૂર્ણ કરવી અને પક્ષકારોએ તેમાં જરુરી સાથ સહકાર આપવો.

ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

સંબંધિત કોર્ટ અને શાખાઓને જરુરી યાદી કરવી.

હુકમ આજ તા.૧૩ માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ
તા.૧૩–૦૩–૨૦૨૬

(કમલ એમ. સોજીત્રા)
પ્રીન્સીપાલ ડીસ્ટ્રીકટ જજ
અમદાવાદ(ગ્રામ્ય) નવરંગપુરા
[Code : GJ01494]